ગાંધીનગર સમાચાર

**પ્રાથમિક શાળાઓમાં હવે પોરાનાશક સ્પર્ધાઓ યોજાશે**




અંબાજી ધામની પ્રતિકૃતી ગાંધીનગરમાં - ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડને અંબાજીની પ્રતિકૃતિથી સજાવાયું છે... શક્તિદ્વાર, મંદિર અને ચાચર ચોકનું નિર્માણ કરાયું છે. અંબાજી શક્તિપીઠથી માતાજીની દિવ્ય જ્યોત તથા મહાઅષ્ટમીએ અંબાજીનો જ મહાપ્રસાદ વહેંચાશે... આમ ભવ્ય અને દિવ્ય નવરાત્રિ માટે તડામાર તૈયારીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે... ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં આ વખતે પણ અલૌકિક વાતાવરણ નિર્માણ થાય તેવો પણ પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે...

# કલ્ચરલ ફોરમના ગરબા મેદાનમાં અંબાજી મંદિરની પ્રતિકૃતિના દર્શન થશે

## ચાચર ચોકને ચુંદડીના પીલર આધારિત સુશોભિત કરાયું છે : અંબાજીથી આણેલી અખંડ જ્યોતનું સ્થાપન કરાશે

ગાંધીનગર, તા. ૨૯

કલ્ચરલ ફોરમ આયોજિત ગરબા મહોત્સવમાં શક્તિપીઠ અંબાજીની હૂબહૂ પ્રતિકૃતિનું નિર્માણ કરાયું છે. સેક્ટર-૬ના વિશાળ ગરબા મેદાનમાં ચુંદડી આધારિત થીમથી સુશોભિત કરાયું છે. ૨ લાખ ૮૮ હજાર ફૂટના ગરબા મેદાનના મુખ્ય સ્ટેજ પર અંબાજી મંદિરની પ્રતિકૃતિ તૈયાર કરાઈ છે. ખેલૈયાઓ માટે કંતાનથી સજ્જ ગરબા ગ્રાઉન્ડ ફરતે બેઠક વ્યવસ્થા માટે ૧૫ હજાર ખુરશીઓની વ્યવસ્થા કરવામાં આવી છે. સુરક્ષાના ભાગરૂપે ૧૪૦ સિક્યુરીટી જવાનો તેમજ ૧૧૦ સ્વયંસેવકોની ટીમ પણ તૈનાત રહેશે.

પરંપરાગત ભાતીગળ પહેરવેશમાં ખેલૈયાઓ જ્યાં ગરબે ઘુમશે તે આંગણાને ચાચર ચોક નામ આપવામાં આવ્યું છે. આ વર્ષે પણ પવિત્ર યાત્રાધામ અંબાજીથી માતાજીના ગર્ભગૃહમાં પ્રજવલિત જ્યોત લાવીને તેનું નવરાત્રિ દરમિયાન ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણામાં સ્થાપન કરાશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ નવરાત્રિ પૂર્વેના આયોજન અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ગરબાની પવિત્રતા યથાવત જળવાઈ રહે અને આવનારી પેઢીમાં પણ આ પરંપરા અકબંધ રહે એવા ઉદેશ સાથે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દિવ્ય અને ભવ્ય નવરાત્રીના આયોજન માટે સખત પુરૂષાર્થ કરે છે. ગાંધીનગરના આગેવાનો અને સુજ્ઞ ખેલૈયાઓ-નાગરિકોના ઉત્સાહ-ઉમંગભર્યા પ્રતિસાદથી ગાંધીનગરની નવરાત્રિ ગુજરાતમાં ભારતમાં અને વિદેશમાં વસતા ગુજરાતીઓમાં ગૂંજતી અને ગાજતી થઈ છે.

આ નવરાત્રિમાં દર્શના ગાંધી-ઠક્કર, પ્રહર વોરા, ગાર્ગી વોરા, સમીર રાવલ, માના રાવલ, લાલિત્ય મુન્શી, દિપ્તી દેસાઈ, અમીત ઠક્કર, ભૂમિક શાહ, આનલ વસાવડા, જગદીપ મહેતા-ગોલ્ડન ચિયર્સ અને દિપેશ દેસાઈ જેવા ગુજરાતના સિદ્ધહસ્ત અને સુપ્રસિદ્ધ ગાયકો-સંગીતકારો ગાંધીનગર પધારશે અને માતાજીના પરંપરાગત ગરબા ગવડાવશે.

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાનું જીવંત પ્રસારણ કરાશે

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાનું ગાંધીનગર કલ્ચરલ ફોરની વેબ સાઈટ www.gcfgandhinagar.com ઉપરાંત ત્રણ વેબસાઈટ www.gandhinagarportal.com, www.gandhinagarsamachar.com અને www.eaglenws.in પરથી લાઈવ વેબકાસ્ટીંગકરવામાં આવશે. જીટીપીએલ ભક્તિ ચેનલ પરથી દરરોજ રાત્રે ૮.૩૦ વાગ્યાથી કલ્ચરલ ફોરમના ગરબાનું જીવંત પ્રસારણ કરાશે. વિદેશમાં વસતા ગાંધીનગરાઓ યુ-ટ્યૂબ દ્વારા ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રિનો આનંદ માણે છે.

### આઠમની મહાઆરતી બાદ ભાવિકોને અંબાજીના પ્રસાદ પીરસાશે

કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં આ વર્ષે આઠમની મહાઆરતીના અંતે અંબાજી મંદિરના પ્રસાદનુ વિતરણ કરાશે. ગરબા મેદાનમાં પણ અંબાજી મંદિરની આબેહુબ પ્રતિકૃતિનુ નિર્માણ કરાયુ છે. મુખ્ય પ્રવેશદ્વાર પણ અદલ અંબાજીના શકિતદ્વારની ડિઝાઈન પર તૈયાર કરાયુ છે.ગરબા મેદાન ચુંદડીના થીમ આધારિત સુશોભિત કરવામાં આવ્યુ છે. જયારે કલ્ચરલ ફોરમના આંગણે પ્રતિવર્ષ આઠમની રાતે માતાજીની મહાઆરતીનુ આયોજન કરવામાં આવે છે. આ દરમિયાન અનોખુ દિવ્ય અને ભવ્ય વાતાવરણ સર્જાય છે. જેના અંતે ભાવિકોને પ્રસાદનુ વિતરણ પણ કરવામાં આવે છે. જો કે આ વખતે શકિતપીઠ અંબાજી મંદિરની પ્રતિકૃતિ પર તૈયાર કરાયેલા ગરબામેદાનમાં આઠમનો પ્રસાદ અંબાજી ધામમાંથી લવાશે ગરબા મેદાનમાં મહાઆરતીના અંતે ભાવિકોને અંબાજીનો પ્રસાદ પીરસવામાં આવશે.

**૨ લાખ ૮૮ હજાર ફૂટના વિશાળ મેદાનમાં ૫ હજાર ખેલૈયાઓ ગરબે ઘુમશે બેઠક વ્યવસ્થા માટે ૧૫ હજાર ખુરશી**

# મેયર પ્રવીણ પટેલ સામેની સુનાવણી હવે ૧૩મી ઓક્ટોબરે હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણ પટેલ સામે કરાયેલા પક્ષાંતર ધારાના કેસની મુદત ૧૩મી ઓકટોબરના રોજ પડતાં હવે સુનાવણી એ દિવસે હાથ ધરાશે.

આજે મેયર પ્રવિણ પટેલ વતી તેમના વકીલ કમલનયન બ્રહ્મભટ્ટ નામો નિર્દિષ્ટ અધિકારીની કોર્ટમાં હાજર થયા હતા અને કરાયેલ અરજીનો જવાબ રજુ કરવા માટે ૧૫ દિવસના સમયની માંગ કરી હતી.



આ મુદે બંને પક્ષની રજુઆતો સાંભળ્યા બાદ નામો નિર્દિષ્ટ અધિકારીશ્રીએ વધુ સુનાવણી ૧૩મી ઓકટોબરના રોજ રાખવાના આદેશ જારી કર્યા હતા. હવે ૧૩મીએ આ કેસ આગળ ચાલશે.

મળતી વિગતો મુજબ ૧૩મીની સુનાવણી માટે બંને પક્ષો દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જો કે કોંગ્રેસ પક્ષ મેયરનો જવાબ રજુ થાય તેની રાહ જોઈ રહ્યા છે.

ગાંધીનગરના મેયર સામે પક્ષાંતર ધારા અન્વયે કાર્યવાહી કરવાની માંગ કરતી અરજી કોંગીના શૈલેન્દ્રસિંહ બિહોલાએ કરી છે. ગાંધીનગરના બીજા મેયર સામે પણ પક્ષાંતર ધારાની કરાયેલી આ અરજીએ રાજકીય વર્તુળોમાં પણ ઉત્તેજના જગાવી છે. આ વખતે પ્રદેશ સમિતિ આ કેસમાં સીધી રીતે સામેલ થઈ છે અને કેસમાં કચાશ ન રહે તેની કાળજી લઈ રહેલ છે.

# ગરીબી નાબુદી એ સૂત્ર નહિ પણ અમારૂ સાધ્ય છે : નીતિન પટેલ

ગાંધીનગર, તા. ૨૯

ગીરીબી નાબુદી એ અમારા માટે સૂત્ર નહિ પણ સાધ્ય છે તેમ જણાવી રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કોંગ્રેસને આડે હાથ આજે જિલ્લાના ગરીબ કલ્યાણ મેળામાં પ્રવચનના આરંભે જ લીધી હતી.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે લોકશાહીમાં સરકારની ભુલો અંગે વિપક્ષ ટીકા કરે તે સમજી શકાય પણ અમારા સાધ્ય પર શંકા વ્યક્ત કરાય છે ત્યારે અમારે સ્પષ્ટ કહેવુ છે કે તમે ચૂંટણીમાં ગરીબી નાબુદીના નારા લગાવો છો અને ચૂંટણી પૂર્ણ થયેથી ભૂલી જાવ છો.

અમે ગરીબી નાબૂદીના મુદ્દે રાજનીતિ નથી કરવા માગતા અમારે તો દ્રરિદ્રનારાયણની સેવા કરવી એ અમારૂ સાધ્ય છે. સત્તા એ માત્ર સાધન છે. ગરીબી કલ્યાણ મેળાઓ થકી અમે કેટલા લોકોને સહાય પહોંચાડી તેની ચર્ચા કરવા તૈયાર છીએ. ગરીબોના હિતની ચિંતા કરતી તમારી સરકાર દ્વારા આ નવમી વાર



મેળાનું આયોજન કરાયું છે.

તેમણે જણાવ્યુ હતુ કે ગરીબી નાબુદીની સાથે સાથે અમે આંતર માળખાકીય સુવિધાઓના સુદ્દઢીકરણ અને સ્વસ્થ સમાજની રચનામાં મહત્વના પગલાંઓ લીધા છે જેનો સીધો ફાયદો સમાજને થયો છે.

નીતિન પટેલે જણાવ્યુ હતુ કે જિલ્લામાં નેળિયાના કાચા રસ્તાઓને પાકા રસ્તામાં રૂપાંતરિત કરવા માટે જિલ્લામાં ૩૦૦ કરોડ જેટલા રૂ.ના કામોને મંજૂરી આપી છે.

સ્વસ્થ સમાજની રચના માટે ૪૫ હજારથી વધુ લોકોને મા અમૃતમ અને મા વાત્સલ્ય યોજના અંતર્ગત આરોગ્ય સેવાઓ પુરી પાડી કરોડોનો ખર્ચ સરકારે ઉઠાવ્યો છે.

૧૭ હજાર બહેનોને ચૂલામાંથી મુક્તિ આપી ગેસના કનેકશન ગાંધીનગર જિલ્લામાં આપ્યા છે. જિલ્લામાં આવા તો અનેક કામ કરવામાં આવ્યા છે. હિસાબ આપીએ તો આજનો દિવસ ટુંકો પડે.

તેમણે જણાવ્યુ હતુ કે ગરીબી નાબુદીના મુદ્દે સત્તાની રાજનીતિ અમે ક્યારેય કરવાના છીએ નહિ અને કરીશુ પણ નહિ.

# જિલ્લાના ગરીબ કલ્યાણ મેળામાં ૧૨ હજાર લાભાર્થીઓને ૧૭૫૦ લાખની સહાય



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો આજ રોજ રાજયના નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતમાં પ્રેક્ષાભારતી, કોબા ખાતે યોજાયો હતો. નવમા તબક્કાના આ ગરીબ કલ્યાણ મેળામાં નાયબ મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે ૧૨,૨૧૭ લાભાર્થીઓને રૂપિયા ૧૭૫૦ લાખથી વધુ રૂપિયાની સાધન-સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર જિલલા વહીવટી તંત્ર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલી 'ગરીબ કલ્યાણ મેળા થકી... ધન્ય બન્યું જીવન' પુસ્તિકાનું નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગરીબોના ઉત્કૃષ, ગરીબી નાબુદી, ગરીબો પોતાની સ્વરોજગારી ઉભી કરી શકે તેમજ સ્વમાનભેર જીવન જીવી શકે તેવા ઉમદા આશયથી રાજયના તત્કાલીન મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગરીબ કલ્યાણ મેળાનો આરંભ કરવામાં આવ્યો હતો. આ મેળાઓ થકી રાજય સરકારની વિવિધ યોજનાઓનો લાભ સાચા

● અનુસંધાન પાન-૭ પર

# પ્રાથમિક શાળાઓમાં હવે પોરાનાશક સ્પર્ધાઓ યોજાશે

## જિલ્લામાં ૬૦ ટકાથી વધુ વિસ્તારમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ સંપન્ન : વાયરલ ફિવરના દર્દીઓ મોટી સંખ્યામાં મળ્યા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા માટે પોરાશોધક સ્પર્ધા સ્વચ્છતા અને સમરસતા અભિયાન સપ્તાહ અંતર્ગત યોજવામાં આવશે.

જિલ્લા શિક્ષણ સમિતિએ આ બાબતે બાળકોની પોરા શોધક સ્પર્ધા યોજવા માટેનો પરિપત્ર જારી કર્યો છે. ૨જી ઓક્ટો. સુધીમાં આ સ્પર્ધાઓ યોજવાની છે. મળતી વિગતો પ્રમાણે આ સ્પર્ધાને કારણે ગ્રામ્ય વિસ્તારમાં મચ્છરોની ઉત્પત્તિના કેન્દ્રોનો નાશ થશે. હાલ જિલ્લામાં વાહકજન્ય રોગચાળા અંગેનું સર્વેલન્સ હાઉસ ટુ હાઉસ ચાલી રહ્યુ છે તેને પણ વેગ મળશે. ગત વર્ષે પણ જિલ્લામાં આવી પોરાશોધક સ્પર્ધા યોજવામાં આવી હતી અને તેનો સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. આ વખતે પણ મેલેરિયા તંત્ર અને શિક્ષણ તંત્રએ સંયુક્ત રીતે આ અભિયાન હાથ ધરી છે.

જિલ્લામાં હાલ ચાલી રહેલ વાહકજન્ય રોગચાળાના હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૬૦ ટકા કરતાં પણ વધુ કામગીરી સંપન્ન થઈ ચુકી છે અને બે હજાર જેટલા લોહીના નમૂના લેવામાં આવ્યા છે.

જિલ્લામાં વાયરલ ફિવરનું આ વખતે સૌથી વધુ પ્રમાણ જોવા મળ્યુ છે. આમ છતાં તંત્ર સબ સલામતના નારા લગાવી રહેલ છે. જિલ્લામાં આ વખતે મેલેરિયાના કેસોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે જયારે ડેન્ગ્યુના છુટાછવાયા કેસો મળી રહ્યા છે એ પણ અમદાવાદ સહિતના અન્ય જિલ્લાઓની હદ સાથે જોડાયેલા ગ્રામ્ય વિસ્તારોમાં નોંધાયા છે.

# સ્વચ્છતાને ટેવ તરીકે સ્વીકારો

## સ્વચ્છતા અભિયાન અંતર્ગત રાયસણ-તારાપુર શાળાઓની મુલાકાત લેતા સર્વ શિક્ષા અભિયાનના ડાયરેક્ટર મહેશસિંઘ




ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહ અભિયાન અંતર્ગત આજે જિલ્લાની વિવિધ શાળાઓમાં વક્તૃત્વ અને અન્ય સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આજે આ અભિયાન અંતર્ગત સર્વ શિક્ષા અભિયાનના સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર મહેશસિંઘે રાયસણ, તારાપુર ગામની મુલાકાત લીધી હતી. તેમણે રાયસણ ખાતે યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધાને પણ માણી હતી.

તારાપુર ખાતે તેમણે સ્વચ્છતા અભિયાન અંતર્ગત બાળકોની રેલીને વિદાય આપી હતી. સર્વ શિક્ષા અભિયાનના સ્ટેટ ડાયરેક્ટર મહેશસિંઘની મુલાકાત વેળાએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. રાઠોડ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સંજયભાઈ પરમાર અને અન્ય અધિકારીઓ જોડાયા હતા. મહેશસિંઘે રાયસણમાં બાળકોને સ્વચ્છતાની સમજ આપી અને તેનું મહત્વ સમજાવતાં સ્વચ્છતાને જીવનમાં ટેવ બનાવવાની શીખ આપી હતી.

## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી ડૉ. બળદેવસિંહજી મગનસિંહજી વાઘેલા (ગામ : ઓગણજ, જિ. અમદાવાદ) તારીખ : ૨૯-૯-૨૦૧૬, ગુરુવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્ગતનું બેસણું તા. ૩૦/૯/૨૦૧૬, શુક્રવારના રોજ સાંજે ૪-૦૦થી ૭-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૧૬૨/૧, ગાયત્રી મંદિરની પાસે, સેક્ટર-૧ બી, ગાંધીનગર**

લિ.

હિતેનસિંહ બળદેવસિંહ વાઘેલા

ભરતસિંહ મગનસિંહ વાઘેલા (ભાઈ) કીર્તિદેવસિંહ દોલતસિંહ રાઓલ (જમાઈસા)

રઘુવીરસિંહ મગનસિંહ વાઘેલા (ભાઈ) સ્વાતિબા કીર્તિદેવસિંહ રાઓલ (પુત્રી)

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com